# ખંભાત નગરપાલિકા ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૮૩

## તારીખ.:–૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | રસીકભાઈ ઈન્દુભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૫૦૦૦૦.૦૦ |
| ૨ | લાલજીભાઈ મફતભાઈ હરીજન | પી.એફ.લોન | ૫૦૦૦૦.૦૦ |
| | | | ૨૦૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# <u>ખંભાત નગરપાલિકા ખંભાત</u>

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૮૪

## તારીખ – ૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ કર્મચારીઓ અવસાન પામેલ અને વર્ય મર્યાદા લીધે નિવૃત થયેલ છે,જેમના ગ્રેજયુઈટી અને હકકરજા ના બીલ ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલ નિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧,૨ અને ૪ ના પેટા નિયમો મુજબ બનાવવામાં આવેલ છે. જે સાથે સામેલ મુજબના બીલો મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | અરવિંદભાઈ ગલાભાઈ હરીજન | ગેજયુઈટી | ૩૨૦૮૯૨.૦૦ |
| ૨ | અરવિંદભાઈ ગલાભાઈ હરીજન | હકકરજા | ૭૯૭૦૪.૦૦ |
| ૩ | કિશોરભાઈ બાબુભાઈ હરીજન | ગેજયુઈટી | ૩૩૫૪૭૮.૦૦ |
| ૪ | કિશોરભાઈ બાબુભાઈ હરીજન | હકકરજા | ૨૯૧૬૦૦.૦૦ |
| ૫ | અક્ષયકુમાર મનહરલાલ શેલત | ગેજયુઈટી | ૭૧૩૭૮૮.૦૦ |
| ૬ | અક્ષયકુમાર મનહરલાલ શેલત | હકકરજા | ૫૭૦૯૦૦.૦૦ |
| | | | ૨૩૧૨૩૬૨.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ ગ્રેજયુઈટી બીલ તથા હકકરજા ના રૂા.૨૩,૧૨,૩૬૨/–અંકે તેવીસ લાખ બાર હજાર ત્રણસો બાસઠ પુરાનો ખર્ચ ચુકવણી માટે મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા

સહી. કનૈયાલાલ મફતલાલ રાણા

સહી. સોનલબેન નીતીનકુમાર જોષી

સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૮૫
## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ૭૫ મા સ્વાતંત્રય દિન ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૧ ની ઉજવણી સમગ્ર દેશ અને રાજયમાં કરવામાં આવેલ ખંભાત નગરપાલિકાએ પણ ૭૫માં સ્વાતંત્રય દિનની ઉજવણી કરેલ જે માટે શહેરમાં ૬ (છ) સ્થળે રોશની, કોરોના વોરીયર્સનું સન્માન, વરસોથી નગરપાલિકામાં ધ્વજવંદન સમયે રાષ્ટ્રગાન માટે હાજર રહેતી વિદ્યાર્થી નીઓની ટીમને પ્રોત્સાહન માટે પુરસ્કાર ખંભાત શહેરમાંથી પ્રસિધ્ધ થતાં સાપ્તાહીકોમાં અને દૈનિક પેપરની આણંદ જીલ્લાની આવૃત્તીમાં નગરપાલિકા પાલિકાની સેવાઓ માટે જનજાગૃતિ માટેની જાહેર ખબર, સ્ટાફ અને મહેમાનો માટે અલ્પાહાર, ફોટોગ્રાફી વિગેરેની વ્યવસ્થાઓ કરવામાં આવેલ જે અગે કરવામાં આવેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે અને તેનું ચુકવણું કરવા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૮૬
## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

ઓ.એન.જી.સી. ખંભાત એસેટ તરફથી તારીખ.૨૪–૦૯–૨૦૨૧ ના રોજ આવેલ પત્ર વંચાણે લેતા ખંભાત નગરપાલિકાને અન્ડરગ્રાઉન્ડ ગટરની સફાઈ માટે રોબોટીક સ્કેવેન્જીંગ મશીન કે જે મશીનને ઓ.એન.જી.સી. એ અન્યત્ર ઈન્ટોલ કરાવેલ છે. જેનું પરિણામ સારૂ મળેલ છે. જેથી તેઓએ ખંભાત નગરપાલિકાને આ મશીન આપવા તૈયારી દર્શાવેલ છે. જે અંગે તારીખ. ૨૪–૦૯–૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા મુજબની શરતોનું પાલન ખંભાત નગરપાલિકાએ કરવાનું રહે છે. તે પત્ર તથા તેના અનુસંધાને ઈન્ચાર્જ ચીફ સેનેટરી ઈન્સ્પેકટર ધ્વારા કરવામાં આવેલ રીપોર્ટ તથા તે ઉપર ચીફ ઓફીસર ધ્વારા કરવામાં આવેલ શેરો/અહેવાલ વંચાણે લેતા ઓ.એન.જી.સી.ની દરખાસ્ત સ્વીકારવી ખંભાત નગરપાલિકા વિસ્તાર માટે પ્રજાના હિતમાં છે. અન્ડરગ્રાઉન્ડ સફાઈ માટે તથા માનવ શકિત બચાવીને તથા માનવ આરોગ્યને પણ તંદુરસ્ત રાખી શકાય તેવા પ્રજાના વિશાળ હીતમાં તે દરખાસ્ત સ્વીકારવામાં આવે છે. તેમજ તે પત્રમાં જણાવેલ નીચે મુજબની શરતોને સ્વીકારવા માં આવે છે.

(૧) રોબોટીક સ્કેવેન્જીંગ મશીન ચલાવવા માટે નગરપાલિકાના મેન પાવરનો ઉપયોગ કરવાનો રહેશે અને તેઓને આ મશીન ચલાવવા માટેની તાલીમ મશીન મેન્યુફેકચરર ધ્વારા આપવામાં આવશે.

(૨) મેન્યુફેકચરર પાસેથી મશીન મેળવવાનો તેના નિભાવ અને મશીન ચલાવવાનો ખર્ચ નગરપાલિકાએ વહન કરવાનો રહેશે.

(૩) વોરંટીનો સમય પુરો થયા બાદ રીપેરીંગ વિગેરેનો ખર્ચ નગરપાલિકાએ વહન કરવાનો રહેશે.

ઉપરોકત શરતોનું પાલન થાય તે હેતુથી જે કોઈ ખર્ચ થાય તે ખર્ચ કરવા પણ – ઠરાવવામાં આવે છે. ડિલીવરી સમયે જરૂરી એગ્રીમેન્ટ કરવા માટે ચીફ ઓફીસરશ્રી ખંભાત નગરપાલિકાને અધિકૃત કરવામાં આવે છે. આ ઠરાવમાં અન્ય કોઈ વિગત/શરત ઉમેરવાની થાય તો તે એકઝીકયુટીવ કમિટી ઉમેરી શકશે તેમ પણ ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર :–૧૮૭

## તારીખ : ૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉ એકઝી.કમીટી ઠરાવ નં.૧૫૩/તા.૧૭–૮–૨૧ થી સેનિટેશન ખાતા માટે સ્વચ્છ ભારત મિશન અંર્તગત જરૂરી સાધનો ખરીદ કરવા –ઠરાવવામાં આવેલ જેમાં ક્રમ નં–૧ માં રૂા.૭.૦૦ લાખ મંજુર કરેલ છે. જેમાં રૂા.૭.૦૦ લાખની જગ્યાએ રૂા.૩૫.૦૦ લાખનો એસ્ટીમેન્ટ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.:– ૧૮૮

## તારીખ : ૧૧–૧૦–૨૦૨૧

**આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાનો ટોઈલેટવાન બોચાસન માન.સી.એમશ્રી ના કાર્યક્રમ મોકલેલ હોઈ જેમા વિરસદ પાસે ટાયરમાં ભડાકો થયેલ હોઈ જેમા ટયુબ ફાટી ગયેલ હોઈ તથા ટાયરને નુકશાન થયેલ જે એચ.એન.ટાયર વિરસદવાળા પાસે તાત્કાલીક રીપેરીંગ કરાવતા રૂા૧૮૦૦/– નો ખર્ચ થયેલ જે રોકડ સિલકમાથી ચુકવી આપવા ઠરાવવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા**
**સહી. કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહી. સોનલબેન નીતીનકુમાર જોષી**
**સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી**
**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર :– ૧૮૯

## તારીખ : ૧૧–૧૦–૨૦૨૧

**આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના ફાયર તથા સેનિટેશન વિભાગના જુના કંડમ વાહનોની હરાજીના કામે ટેન્ડર સાથે દરેકના રૂા.૧૦,૦૦૦/– ડીપોઝીટ જમાં લેવામાં આવેલ તેમાં જેના ભાવો મંજુર થયેલ નથી તે વહેપારીઓને તથા જેના ભાવ મંજુર થયેલ છે, અને તેઓનું કામ પુર્ણ થયેલ છે તે વહેપારીઓની ડીપોઝીટ પરત આપવા મંજુર કરવામાં આવે છે.**

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૧૯૦

## તારીખ : ૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે એકઝી.કમીટી ઠરાવ નંબર : ૨૯/ તા.૫–૬–૨૦ અંર્તગત ડ્રેનેઝ લાઈન મેન્ટનશ માટે વપરાતું મોટું જેટીંગ મશીન બાબતે નિયુકત કરેલ એજન્સીના તા. ૨૮–૯–૨૧થી ઈન્વર્ડ નંબર : ૨૨૦૪થી જણાવ્યા મુજબ ટ્રકની બેટરી બંધ થઈ ગયેલ હોય સદર જેટીંગ મશીન ગટરોની સફાઈના કામે અગથ્યનું હોય સત્વરે ચાલુ કરવા નવી બેટરીની જરૂરીયાત હોય ટેલીફોનીક શીવ બેટરી પાસેથી ભાવ મંગાવતા એક બેટરીના રૂા.૮૩૦૧/– થી ખરીદવા તથા જુની બેટરી આપી તના રૂા.૧૫૦૧/– કમી કરતા કુલ રૂા.૬૮૦૦/– માં ખરીદ કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૧૯૧
## તારીખ : ૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન અંર્તગત ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન કરી સેગ્રીગેશન કરી આવતા કચરાનો યોગ્ય નિકાલ કરવાનો થાય છે.

સદર કામ માટે નગરપાલિકાના સફાઈ કામદારોમાંથી જે નવ કામદારો પાસે ડ્રાઈવીંગ લાયસન્સ હતા તેવા નવ કામદારો સાથે બીજા નવ સફાઈ કામદારોને હેલ્પર તરીકે મુકીને ઉપરોકત કામગીરી કરવામાં આવે છે. જેમાં આ કામદારો સામાન્ય દિવસોમાં પણ ૧૦૦% કામ આપી શકતા નથી. જેમાં અવાર નવાર રજાઓ ઉપર જતા હોય તે દિવસોમાં પણ ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની કામગીરીમાં ઘટાડો થતો હોય છે.

સદર કામગીરીમાં નગરપાલિકાને ૫૦% થી ૬૦% કામગીરીમાં માસિક અંદાજીત ૧૧૦ ટન કચરો કલેકટ કરવા પાછળ કુલ અંદાજીત રૂા.૪.૫૦ લાખ લેખે એક ટન પાછળ રૂા.૪,૦૦૦/– જેટલો ખર્ચ ભોગવે છે. જેની સામે જો આઉટ સોર્સીંગથી એજન્સી નિયુકત કરવામાં આવે તો રોજ ૧૦૦% મિલ્કતોનો કચરો કલેકટ કરી શકીએ છીએ. તથા તેમાં એક ટન પાછળ રૂા.૧૮૦૦/– જેટલા ખર્ચમાં જ કામ થાય તેમ હોય, ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની કામગીરી માટે એજન્સી નિયુકત કરવા હેતુ ભાવ પત્રકો મંગાવવાના થતાં હોય જરૂરી થતાં ખર્ચથી જરૂરી ડી.ટી.પી.બનાવી ન.પા.માન્ય કન્સલ્ટન ધ્વારા ઈ–ટેન્ડરીંગ કરાવવા તથા તે અંગેની પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૨
## તારીખ. ૧૧–૧૦–૨૦૨૧

આજ રોજ તારીખ.૧૧–૧૦–૨૦૨૧ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૩૪ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૩
## તારીખ. ૧૧–૧૦–૨૦૨૧

**આજ રોજ તારીખ. ૧૧–૧૦–૨૦૨૧ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૪૦ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.**

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૪
# તારીખ. ૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ ખાતામાં સીટી બસ જીજે ૨૩ જીએ ૦૬૭૬ માં બેટરી ખલાસ થઈ ગયેલ હોવાથી નવી બેટરી ખરીદ કરવા માટે સરકયુલર પધ્ધતિથી ભાવો મંગાવવામાં આવેલ જેમાં આવેલ ભાવોની વિગત નીચે મુજબ (૧) શિવ બેટરી, કંસારી, ખંભાત ના એકસાઈડ નવી બેટરી ૧૨ વોલ્ટ, ૧૦૦ એ.એમ.પી. અઢાર (૧૮) માસની વોરંટી નવી બેટરીના ભાવ રૂપીયા. ૯૮૪૩/– આવેલ છે જેમાં જુની બેટરીના ભાવો રૂપીયા.૧૩૪૩/– બાદ જતા કુલ રૂપીયા. ૮૫૦૦/– અંકે રૂપીયા આઠ હજાર પાંચસો પુરા આવેલ છે તથા (૨) મારૂતી પાવર સેન્ટર, વિદ્યાનગર ના એકસાઈડ નવી બેટરી ૧૨ વોલ્ટ, ૧૦૦ એ.એમ.પી. અઢાર(૧૮) માસની વોરંટી નવી બેટરીના ભાવ રૂપીયા.૯૮૯૩/– આવેલ છે જેમાં જુની બેટરીના ભાવો રૂપીયા.૧૨૪૩/– બાદ જતા કુલ રૂપીયા. ૮૬૫૦/– અંકે રૂપીયા આઠ હજાર છસ્સો પચાસ પુરા આવેલ છે. (૩) મારૂતી બેટરી એન્ડ ઓટો ઈલેકટ્રોનીકસ, ગાયત્રી નગર રોડ ખંભાત ના એકસાઈડ નવી બેટરી ૧૨ વોલ્ટ, ૧૦૦ એ.એમ.પી. અઢાર (૧૮) માસની વોરંટી નવી બેટરીના ભાવ રૂપીયા. ૯૮૪૩/– આવેલ છે જેમાં જુની બેટરીના ભાવો રૂપીયા.૧૨૪૩/– બાદ જતા કુલ રૂપીયા. ૮૬૦૦/– અંકે રૂપીયા. આઠ હજાર છસ્સો પુરા આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં અને ઓડીટ કરાવતાં શિવ બેટરી,કંસારી, ખંભાતના ભાવો રૂપીયા. ૮૫૦૦/– અંકે રૂપીયા આઠ હજાર પાંચસો પુરા સૌથી ઓછા આવેલ છે જે તે પાર્ટી પાસેથી ખરીદવા અને તે અંગેનો ખર્ચ આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૫
## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગમાં તારીખ.૨૯–૦૯–૨૦૨૧નો રીપોર્ટ આવેલ છે જેમાં કોમ્પ્યુટર વિભાગ આઈ.બી.એમ.નું સર્વર આવેલ છે તે સર્વર બંધ પડી ગયેલ છે તેને ચાલુ કરવા માટે પાવર સપ્લાય બંધ પડી ગયેલ તથા તેને સર્વીસ કરવા માટે સરકયુલર ટેન્ડર તારીખ. ૦૪–૧૦–૨૦૨૧ના રોજ ફેરવતાં તારીખ. ૦૮–૧૦–૨૦૨૧ સુધીમાં ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

**નગરપાલિકા કચેરીમાં કોમ્પ્યુટર વિભાગમાં આઈ.બી.એમ.સર્વર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવ**

| અનુ. નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર હરમાનની પોળ ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ | ડીજીટ કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ |
|---|---|---|---|---|
| (૧) | નગરપાલિકા કચેરીમાં કોમ્પ્યુટર વિભાગમાં આઈ.બી.એમ.સર્વર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવ ખરીદવા માટેના ભાવો | રૂા.૨૫૦૦/– અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા | રૂા.૨૫૫૦/– અંકે રૂપીયા બે હજાર પાંચસો પચાસ પુરા | રૂા.૨૬૦૦/– અંકે રૂપીયા બે હજાર છસ્સો પુરા |

જેમાં કોમ્પ્યુટર વિભાગમાં આઈ.બી.એમ. સર્વર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવો (૧) સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૫૦૦/– (૨) માઈક્રો કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૫૫૦/– (૩) ડીજીટ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૬૦૦/– પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો કોમ્પ્યુટર વિભાગમાં આઈ.બી.એમ. સવૃર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૫૦૦/– અંકે રૂપીયા. બે હજાર પાંચસો પુરા આવેલા છે.

**જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાત વાળાના આવેલ હોવાથી તેઓની પાસેથી કોમ્પ્યુટર વિભાગમાં આઈ.બી.એમ.સર્વર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા અને તે અંગે થતો ખર્ચ કરવા આથી મંજુર કરવામા ંઆવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા**
**સહી. કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહી. સોનલબેન નીતીનકુમાર જોષી**
**સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી**
**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬
# તારીખ.૧૧–૧૦–૨૦૨૧

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગમાં તારીખ.૨૯–૦૯–૨૦૨૧નો રીપોર્ટ આવેલ છે જેમાં કોમ્પ્યુટર વિભાગ કેનન ઈમેજ કલાસ એલ.બી.પી. ૨૫૧ ડી ડબલ્યુ હાઈ સ્પીડ પ્રિન્ટર આવેલ છે તે પ્રિન્ટરમાં કારટીજ આવેલ છે તે પ્રિન્ટરની કારટીજ બીજી નવી કોમ્પીટેબલ કારટીજ નવી ખરીવા માટે સરકયુલર ટેન્ડર તારીખ. ૦૪–૧૦–૨૦૨૧ના રોજ ફેરવતાં તારીખ. ૦૮–૧૦–૨૦૨૧ સુધીમાં ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

<u>નગરપાલિકા કચેરીમાં કોમ્પ્યુટર વિભાગમાં કેનન ઈમેજ કલાસ એલ.બી.પી. ૨૫૧ ડી ડબલ્યુ હાઈ સ્પીડ પ્રિન્ટર કોમ્પીટેબલ કારટીજ ખરીદવાના ભાવ</u>

| અનુ. નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર હરમાનની પોળ ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ | ડીજીટ કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ |
|---|---|---|---|---|
| (૧) | નગરપાલિકા કચેરીમાં કોમ્પ્યુટર વિભાગમાં કેનન ઈમેજ કલાસ એલ.બી.પી.૨૫૧ ડી ડબલ્યુ હાઈ સ્પીડ પ્રિન્ટર કોમ્પીટેબલ કારટીજ ખરીદવાના ભાવ | રૂા.૨૫૦૦/– અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા | રૂા.૨૫૫૦/– અંકે રૂપીયા બે હજાર પાંચસો પચાસ પુરા | રૂા.૨૬૦૦/– અંકે રૂપીયા બે હજાર છસ્સો પુરા |

જેમાં કોમ્પ્યુટર વિભાગમાં કેનન ઈમેજ કલાસ એલ.બી.પી.૨૫૧ ડી ડબલ્યુ હાઈ સ્પીડ પ્રિન્ટર કોમ્પીટેબલ કારટીજ ખરીદવાના ભાવ (૧) સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૫૦૦/– (૨) માઈક્રો કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૫૫૦/– (૩) ડીજીટ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૬૦૦/– પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો કોમ્પ્યુટર વિભાગમાં આઈ.બી.એમ. સવૃર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૨૫૦૦/– અંકે રૂપીયા. બે હજાર પાંચસો પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાત વાળાના આવેલ હોવાથી તેઓની પાસેથી કોમ્પ્યુટર વિભાગમાં કેનન ઈમેજ કલાસ એલ.બી.પી.૨૫૧ ડી ડબલ્યુ હાઈ સ્પીડ પ્રિન્ટર કોમ્પીટેબલ કારટીજ ખરીદવા અને તે અંગે થતો ખર્ચ કરવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર . ૧૯૭

## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

વોટર વર્કસ ખાતામાં આવેલા માંદળા વોટર વર્કસ પર આવેલ બોરવેલમાં ચાલતો ૩૫ એચ.પી. ટરબાઈન મોટરપંપમાં પાણી ઓછુ ઉપાડવાના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૧ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર ટરબાઈન પંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન પંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૯૫૨/ તા.૨૫–૦૮–૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૨૬/ તા.૧૫/૦૭/૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન પંપ ના કુલ રૂ.૪૪,૭૫૫/– અંકે રૂપિયા ચુવાલીસ હજાર સાતસો પંચાવન પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સન ૨૦૨૧–૨૨ નાં કામ નંબર–૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ થી ખર્ચ મંજુર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૮
## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

વોટર વર્કસ ખાતામાં આવેલા તીલકબાગ વોટર વર્કસ પર આવેલ સંપમાં ચાલતો ડાયરેકટ સપ્લાય માટે ૪૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં ઓવરલોડના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૪ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૯૪૩/ તા.૨૪–૦૮–૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૨૭/ તા.૨૬/૦૮/૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂ.૩૭,૮૦૦/– અંકે રૂપિયા સાડત્રીસ હજાર આઠસો પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સન ૨૦૨૧–૨૨ નાં કામ નંબર–૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૯
## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા લાઈટવિભાગની સ્ટ્રીટલાઈટની બંધ લાઈનો તથા ઝંમ્પરો મારવાની કામગીરી મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારી તથા લાઈટવિભાગના કર્મચારી જોડે કામગીરી કરવા લઈ જવામાં આવે છે તે કામગીરીમાં લાઈટવિભાગની લીડરવાન ગાડી જી.જે.૨૩ જી.એ. ૦૨૯૨૦નંબરની છોટાહાથી ગાડી સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે તારીખ. ૧૬–૦૯–૨૦૨૧ના રોજ જે ગાડીના ડ્રાઈવરે રીપોર્ટ આપેલ જે આપેલ રીપોર્ટનાં અનુંસંધાને આપશ્રી સાહેબે એસ્ટીમેન્ટ મંગાવવા જણાવેલ જે સેનીટેશનવિભાગની ગાડીઓનું રીપેરીંગ કામ સહારા ઓટો મોબાઈલ્સ વર્કસ પાસે કરાવે છે તે ફોરમેન જોડે લાઈટવિભાગની છોટાહાથી ગાડી ડ્રાઈવરનાં રીપોર્ટમાં જણાવેલ અનુંસંધાને સુ.જા.નંબર. ૨૨૦૨/તારીખ.૧૬–૦૯–૨૧થી સર્વિસ તથા રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ મંગાવવા પ્રત્ર લખેલ જે તે ફોરમેન સહારા ઓટો મોબાઈલ્સવર્કસવાળા પાસે તારીખ.૧૬–૦૯–૨૧ ના રોજ  લાઈટવિભાગની લીડરવાન ગાડી જી.જે.૨૩ જી.એ.૦૨૯૨ નંબરની છોટા હાથી ગાડી રીપેરીંગ સર્વિસ તથા રીપેરીંગ કરવા લાઈટવિભાગનાં ડ્રાઈવરની રૂબરૂમાં નગર પાલીકામાં ગાડીનું સર્વિસ તથા રીપેરીંગ કામ ચેક કરેલ  જે ફોરમેને નીચે જણાવેલ રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ આપેલ છે.

| અ.નં. | વિગત | જથ્થો | રકમ |
|---|---|---|---|
| (૧) | ૪ વ્હીલ ખોલીને સર્વિસીંગ કરી ફીટીંગ મજુરી | ……. | 650.00 |
| (૨) | બંન્ને બાજુ કીલપીન એસેમ્બલી ખોલીને ફીટીંગ મજુરી લેબર | ……. | 600.00 |
| (૩) | ટોટલ ગાડીનું એન્જીન ઓઈલ | ……. | 500.00 |
| (૪) | વ્હીલ ઓઈલ સીલ | ૫ | 500.00 |
| (૫) | ગ્રીસ | ૧ કિલોગ્રામ | 300.00 |
| (૬) | એન્જીન ઓઈલ | 5 લીટર | 1200.00 |
| (૭) | ડીઝલ ફીલ્ટર | 2 નંગ | 250.00 |
| (૮) | ઓઈલ ફીલ્ટર | 1 નંગ | 200.00 |
| (૯) | ડીફરેશન ઓઈલ | 3 લીટર | 450.00 |
| (૧૦) | ગેર ખોડા ઓઈલ | 2 લીટર | 400.00 |
| | | | 5050.00 |

લાઈટવિભાગની ગાડી સર્વિસ તથા રીપેરીગ કરાવવા તારીખ.૧૬–૦૬–૨૦૨૧ના રોજ કર્મચારીએ રીપોર્ટ આપેલ જે આપેલ રીપોર્ટનાં અનુંસંધાને સીર્વસ તથા રીપેરીંગ  કરવાની જરૂર હોવાથી સેનીટેશનવિભાગની ગાડીઓ રીપેરીંગ કામ સહારા ઓટો મોબાઈલ્સ વર્કસવાળા પાસે કરાવે છે તે એજન્સી જોડે સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે  એસ્ટીમેન્ટ ૫૦૫૦/રૂ.આપેલ છે ને સદર લાઈટવિભાગની ગાડી સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે તારીખ.૧૭–૦૯–૨૦૨૧ના રોજ આપેલ એસ્ટીમેન્ટથી સહારા ઓટો મોબાઈલ્સ વર્કસ પાસે સદર રીપેરીંગ કામગીરી કરાવવા મંજુર કરવામાં આવે છે. તથા તે રીપેરીંગ કરાવેલ કામગીરીના રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.–૨૦૦**

**તારીખ.૧૧–૧૦–૨૦૨૧**

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા લાઈટ વિભાગની સ્ટ્રીટલાઈટની બંધ લાઈનો તથા ઝંમ્પરો મારવાની કામગીરી મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારી તથા લાઈટ વિભાગના કર્મચારી જોડે કામગીરી કરવા લઈ જવામાં આવે છે તે કામગીરીમાં લાઈટવિભાગની લીડરવાન ગાડી જી.જે.૨૩ જી.૦૪૪૩નંબરની છોટા હાથી ગાડી સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે તારીખ.૧૦–૦૮–૨૦૨૧ના રોજ જે ગાડીના ડ્રાઈવરે રીપોર્ટ આપેલ જે આપેલ રીપોર્ટનાં અનુંસંધાને આપશ્રી સાહેબે એસ્ટીમેન્ટ મંગાવવા જણાવેલ જે સેનીટેશન વિભાગની ગાડીઓનું રીપેરીંગ કામ સહારા ઓટો – મોબાઈલ્સ વર્કસ પાસે કરાવે છે તે ફોરમેન જોડે લાઈટ વિભાગની છોટા હાથી ગાડી – ડ્રાઈવરનાં રીપોર્ટમાં જણાવેલ અનુંસંધાને સુ.જા.નંબર.૧૮૫૯/તારીખ.૧૧–૦૮–૨૧ થી સર્વિસ તથા રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ મંગાવવા પ્રત્ર લખેલ જે તે ફોરમેન સહારા ઓટો મોબાઈલ્સ વર્કસવાળા પાસે તારીખ.૨૮–૦૯–૨૦૨૧ના રોજ લાઈટવિભાગની લીડરવાન ગાડી જી.જે.૨૩ જી.એ.૦૪૪૩ નંબરની છોટાહાથી ગાડી રીપેરીંગ સર્વિસ તથા રીપેરીંગ કરવા લાઈટવિભાગનાં ડ્રાઈવરની રૂબરૂમાં નગરપાલીકામાં ગાડીનું સર્વિસ તથા રીપેરીંગ કામ ચેક કરેલ જે ફોરમેને નીચે જણાવેલ રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ આપેલ છે.

| અ.નં. | વિગત | જથ્થો | રકમ |
|---|---|---|---|
| (૧) | કલચ પ્લેટ પ્રેસર પ્લેટનું કામ | ....... | 3200.00 |
| (૨) | ગાડી ફીટીંગનું કામ | ....... | 2500.00 |
| (૩) | કમાન પાટા તથા બ્રકેટ સર્વિસીંગ | 8 | 550.00 |
| (૪) | રેડીયેટર સર્વિસીંગ | 1 | 450.00 |
| (૫) | બંન્ને બાજુનાં વ્હીલ સર્વિસીંગ | 2 | 400.00 |
| (૬) | બંન્ને બાજુનાં કીન્પીન સર્વિસીંગ | 2 | 350.00 |
| (૭) | એન્જીન ઓઈલ | 4 લીટર | 800.00 |
| (૮) | ડીફરેશન ઓઈલ | 3 લીટર | 400.00 |
| (૯) | ગેર બોકસ ઓઈલ | 2 લીટર | 300.00 |
| (૧૦) | સેલ સર્વિસીંગ | 1 | 500.00 |
| (૧૧) | મેઈન બેરીંગ ઓઈલ સીલ | 1 | 450.00 |
| (૧૨) | સાઈડ ગ્લાસ | 2 | 400.00 |
| (૧૩) | દરવાજાનું હેન્ડલ | 2 નંગ | 350.00 |

| | | | |
|---|---|---|---|
| (૧૪) | ગ્રીસ | 1 K.G. | 300.00 |
| (૧૫) | કુંલીંગ વોટર | 1 લીટર | 300.00 |
| (૧૬) | એન્જીંન ડીશ કવર સેટ | 1 નંગ | 750.00 |
| | | | 12000.00 |

લાઈટવિભાગની ગાડી સર્વિસ તથા રીપેરીગ કરાવવા તારીખ.૧૦–૦૮–૨૦૨૧ના રોજ કર્મચારીએ રીપોર્ટ આપેલ જે આપેલ રીપોર્ટનાં અનુંસંધાને સીર્વસ તથા રીપેરીંગ કરવાની જરૂર હોવાથી સેનીટેશનવિભાગની ગાડીઓ રીપેરીંગ કામ સહારા ઓટો મોબાઈલ્સ વર્કસવાળા પાસે કરાવે છે તે એજન્સી જોડે સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે એસ્ટીમેન્ટ ૧૨,૦૦૦/રૂ.આપેલ છે ને સદર લાઈટવિભાગની ગાડી સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે તારીખ.૨૮–૦૯–૨૦૨૧ના રોજ આપેલ એસ્ટીમેન્ટથી સહારાઓટો મોબાઈલ્સ વર્કસ પાસે સદર રીપેરીંગ કામગીરી કરાવવા મંજુર કરવામાં આવે છે.તથા તે રીપેરીંગ કરાવેલ કામગીરીના રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૧
# તારીખ.૧૧–૧૦ –૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે અરજદારશ્રી હસમુખલાલ નટવરલાલ ડબગર સાથે કુલ–૦૬ અરજદારશ્રી સંયુકત તારીખ.૧૪–૦૯–૨૦૨૧ ની અરજી તથા ચીફ – ઓફીસરશ્રી નો અભિપ્રાય વંચાણે લઈ ચકડોળ ગ્રાઉન્ડ પાસે ખુલ્લી જગ્યા આવેલ છે તેની જગ્યામાં દિવાળી તહેવારમાં હંગામી ધોરણે દારૂખાનું વેચવાનો ધંધો કરવા માટે નીચે જણાવેલ ૦૬ અરજદારશ્રીઓને હંગામી ધોરણે તારીખ.૨૦–૧૦–૨૦૨૧ થી તારીખ. ૦૯–૧૧–૨૦૨૧ સુધી દિન–૨૧ (એકવીસ) માટે જગ્યા લાયસંસ ફી થી હંગામી ધોરણે નીચે જણાવેલ અરજદારશ્રીઓને નીચેની શરતોથી આપવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | અરજદારશ્રીનું નામ | સરનામું |
|---|---|---|
| (૧) | હસમુખલાલ નટવરલાલ ડબગર | મોચીવાડ |
| (૨) | આગા તકી આગા ફઝલ આગા | બાંદરાબુરજ |
| (૩) | મોહંમદહુસેન સિંકદરઅલી આગા | બાંદરાબુરજ |
| (૪) | મહેશભાઈ રતીલાલ ડબગર | મોચીવાડ |
| (૫) | અભિષેક નિતીનકુમાર ડબગર | મોચીવાડ |
| (૬) | જગદીશભાઈ વિઠ્ઠલભાઈ ડબગર | મોચીવાડ |

## શરતો

(૧) દારૂખાનું વેચવા બાબતે સરકારશ્રીના અધિકારીશ્રીનો અગાઉથી તમામ મુંજરી લેવાની રહેશે.

(૨) દારૂખાનું વેચવા માટે નિયમ મુજબ પરવાના તથા ખુલ્લી જગામાં પતરાની દુકાનનું લાઈટ ખર્ચ વિગેરે અરજદરશ્રીએ ભરવાના રહેશે.

(૩) સરકારશ્રીના આપેલ પરવાના નિયમો ચુસ્ત પાળવાના રહેશે.

(૪) હંગામી ધોરણે તારીખ.૨૦–૧૦–૨૦૨૧ થી તારીખ.૦૯–૧૧–૨૦૨૧ સુધી દરેક અરજદારશ્રીએ ઉચ્ચક રૂપીયા.૭૦૦૦/– અંકે રૂપીયા સાત હજાર પુરા લાયસંસ ફી ભરવાની રહેશે અને સદર રકમ ઉપર સરકારશ્રીનો ટેક્ષ / જીએસટી અલગથી – ભરવાનો રહેશે હંગામી દુકાનની સાઈઝ ૮ × ૮ ફુટની બનાવાની રહેશે.

(૫) આગ અકસ્માતની સંપુર્ણ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે નગરપાલિકાની કોઈ જ જવાબદારી રહેશે નહી.

(૬) અ.ન.૪ માં જણાવ્યા મુજબની રકમ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ એન.ઓ. સી. આપવામાં આવશે. તથા બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ.સી. આપવી.

(૭) એન.ઓ.સી. મેળવવા માટે ફી રૂપીયા.૫૦૦/– અંકે રૂપીયા. પાંચસો પુરા જમા કરાવવાના રહેશે.

(૮) મુદત પુર્ણ થયા બાદ જે સ્થિતિમાં જગ્યા ફાળવેલ હોય તે સ્થિતિમાં પરત આપવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૨
## તારીખ.૧૧–૧૦–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે જણાવેલ અરજદારો એ ખંભાત શહેરમાં નીચેના સ્થળ ઉપર દિવાળી તહેવાર દરમ્યાન હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી. મેળવવા અરજી આવેલ છે.

| અ.ન. | દારૂખાનું વેચનાર અરજદારનું નામ | દારૂખાના વેચાણ કરવાનું સ્થળ | અરજી તારીખ. |
|---|---|---|---|
| (૧) | પરસોતમભાઈ સોમાભાઈ રાણા | જુની ગ્રીન હોટલ નીચે, દુકાન નંબર. ૨૬/૨૭, સરદાર ટાવર સામે, ખંભાત | ૧૩–૦૯–૨૦૨૧ |
| (૨) | કલ્પેશકુમાર અરવિંદભાઈ ડબગર | શ્રી પ્રજાપતી જ્ઞાતિ સમાજની વાડી, વાઘરીયાવડ, ખંભાત | ૧૩–૦૯–૨૦૨૧ |
| (૩) | શ્રી સ્વામીનારાયણ મંદીર નાના કલોદરા | શ્રી પ્રજાપતી જ્ઞાતિ સમાજની વાડી, વાઘરીયાવડ, ખંભાત | ૧૩–૦૯–૨૦૨૧ |
| (૪) | ગોવિંદભાઈ શાંતીલાલ ડબગર | જુની શાક મારકેટ દુકાન નંબર. ૨ મ્યુની.નંબર.ટીએચ.૦૯૦૩/ ૦૨ | ૧૪–૦૯–૨૦૨૧ |
| (૫) | જગદીશચંદ્ર ચીમનલાલ ડબગર | ગવારા પોસ્ટ ઓફીસર સામે, નરેન્દ્રભુવન, ખંભાત એફ૧૦૭૨/એ.૦૫ | ૧૫–૦૯–૨૦૨૧ |
| (૬) | વિકાસકુમાર વિનોદચંદ્ર ડબગર | મોચીવાડ, ખંભાત એફ૦૧૨૯ | ૧૬–૦૯–૨૦૨૧ |
| (૭) | પટેલ નૈલેશભાઈ ઈશ્વરભાઈ નગરા ગોપીનાથ ગૃપ ફટાકડા સેન્ટર | શ્રી સ્વામીનારાયણ વાડી, પ્રેસ રોડ, ખંભાત | ૨૪–૦૯–૨૦૨૧ |

ઉપરોકત જણાવેલ અરજદારો ને ઉપર જણાવેલ સ્થળોએ દારૂખાના વેચાણ માટે નીચે જણાવેલ શરતોથી એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

(૧) દારૂખાના વેચાણ માટે હંગામી ધોરણે એન.ઓ.સી.આપવામાં આવે છે.

(૨) સદર એન.ઓ.સી.તારીખ.૨૨–૧૦–૨૦૨૧ થી તારીખ.૧૪–૧૧–૨૦૨૧ સુધી આપવામાં આવે છે.

(૩) અરજદારશ્રી એ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, આણંદ તથા સરકારશ્રીના દારૂખાના વેચાણ કરવાની તમામ શરતો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તથા એમ.જી.વી.સી.એલ.ના વીજ જોડાણના નિયમો પાળવાના રહેશે.

(૪) આગ અકસ્માતની તમામ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે. નગરપાલિકાની કોઈ જ જવાબદારી રહેશે નહી.

(૫) સદર એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં રૂા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવેથી એન.ઓ.સી. આપવામાં આવશે.

(૬) ઉપરોકત અરજદારો સિવાય બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ. સી. આપવી.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૩</u>
# <u>તારીખ. ૧૧–૧૦–૨૦૨૧</u>

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તકનું નવી શાક મારકેટ શોપીગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. બી૦૯૭ જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. બી૦૧૦૨/બી૦૯૭ વાળી દુકાન હાલમાં શ્રીકાંતભાઈ રતીલાલ શાહ, જોનીભાઈ શ્રીકાંતભાઈ શાહ રહેવાસી. ખારવાડો, મુ.ખંભાત તા. ખંભાત જી. આણંદના નામે ચાલે છે.

સદર દુકાન તેઓ એ રમેશભાઈ લલ્લુભાઈ ચુનારા રહેવાસી અકબરપુર, મોટી–ચુનારવાડ, મુ. ખંભાત તા. ખંભાત જી. આણંદના નામે ટ્રાન્સફર કરવા માટે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી અસલ પેપર્સ સાથે રાખી નગરપાલિકામાં તારીખ.૩૦–૦૯–૨૦૨૧ ના રોજ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે દુકાન નંબર. બી૦૯૭ જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. બી૦૧૦૨/બી૦૯૭ વાળી દુકાનમાં રમેશભાઈ લલ્લુભાઈ ચુનારા ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર

## <u>શ ર તો</u>

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૬૦૫/–અંકે રૂપીયા છસ્સો પાંચ પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ

પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે

(૨૧) દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ન રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ખંભાત નગરપાલિકા, ખંભાત

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં. ૨૦૪

તા.૧૧/૧૦/૨૦૨૧

ખંભાત નગરપાલિકા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) ની ગ્રાન્ટ હેઠળ મા.પ્રા.કમિશ્નરશ્રી, વડોદરા ઝોનના પત્ર નં.પ્રા.ક /ખંભાત/યુ.ડી.પી–૮૮/આં.મા.સુ./૨૦–૨૧/વ.મં.– પ્ર.હ./વશી/ ૨૦૨૧/૬૩૬ તા.૨૩/૦૮/૨૦૨૧ થી રૂા.૮૮,૪૩,૦૦૦/– ની વહીવટી મંજુરી મળેલ છે. જેનું ઓનલાઈન ટેન્ડર (n) Procure.com પર પ્રસિધ્ધ કરી "નયા પડકાર" દૈનિક પેપરમાં જાહેરાત આપેલ હતી. જે ટેન્ડર ઓનલાઈન ભરવાની અંતિમ તા.૧૩–૦૯–૨૦૨૧ તથા ફિઝીકલ ડોકયુમેન્ટ નગરપાલિકામાં જમા કરાવવાની અંતિત તારીખ : ૧૭–૦૯–૨૦૨૧ રાખવામાં આવેલ. જેમાં કુલ ચાર એજન્સીના ફિઝીકલ ડોકયુમેન્ટ અત્રેની કચેરીને મળેલ હતા. જેમાં તમામ ચાર એજન્સીના ભાવ ઓનલાઈન ઓપન કરતા એચ.સી.પરમારના ભાવ અંદાજીત રકમથી ૯.૭૮% નીચા પ્રમાણે સૌથી ઓછા આવેલ છે. જેથી તેમના ભાવ મંજુર કરવા આથી ઠરાવવામાં આવે છે તથા નિયમોનુસાર કાર્યવાહી કરી તેમને વર્ક–ઓર્ડર આપવા અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. તથા બાકીની એજન્સીની અર્નેસ્ટમની રકમ પરત આપવા મંજુર. તદઉપરાંત એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૯૮ / તા.૦૮–૦૭–૨૦૨૧ થી કન્સલ્ટન્ટ એજન્સીના કામ માટે કન્સલ્ટન્ટશ્રી સી.એમ.કન્સલ્ટન્ટના ભાવ મંજુર કરવામાં આવેલ હોઈ તથા તે ભાવ જુના કન્સલ્ટન્ટ ધર્મેશભાઈ એમ.પટેલના ભાવ કરતા નીચા હોઈ ઉપરોકત વહીવટી મંજુરીમાંના કામોનું સુપરવીઝન તથા આગળની તમામ કાર્યવાહી નવા કન્સલ્ટન્ટ સી.એમ.કન્સલ્ટન્ટને સોપવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨૦૫
## તા.૧૧/૧૦/૨૦૨૧

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તા અંર્તગત ગુ.શ.વિ.મિશન, ગાંધીનગર કચેરીના પત્ર નં.GUDM/Tech/SJMMSVY/2019/115/ 2021/1850 તા.૦૫–૧૦–૨૦૨૧ ના પત્રથી ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તા રીસર્ફેસીંગ તથા રીપેરીંગ કરવા અંગે રૂા.૬૦/– લાખની ગ્રાન્ટની ફાળવણી થયેલ છે. સદર બાબતે નીચે મુજબના કામો નુકશાન પામેલ હોઈ જે રીપેરીંગ કરવા નકકી થયેલ છે.

| નં. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | કૃષ્ણસ્વીટ માર્ટ સામે વ્હોરવાડ નાકાથી એમ.ટી. હાઈસ્કુલ તરફ આર.સી.સી.રસ્તાનું કામ | ૧૪૯૦૮૫૦.૦૦ |
| ૨ | ઝંડાચોક ત્રણ રસ્તાથી સરદાર ટાવર તરફ આર.સી.સી. રસ્તાનું કામ | ૨૫૫૨૦૦૦.૦૦ |
| ૩ | પટેલભુવન સામે કુમારશાળાથી હયાત વાંસડાવાડ રોડ તરફ આર.સી.સી.રસ્તાનું કામ | ૬૧૪૮૦૦.૦૦ |
| ૪ | આવકાર હોટલથી ચિતારી બજાર ચાર રસ્તા સુધી આર.સી.સી. રસ્તાનું કામ | ૧૩૯૮૫૫૦.૦૦ |
| | | ૬૦૫૬૨૦૦.૦૦ |

ઉપર મુજબના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની સુચનાઓ શરતો વિગતોનું પાલન કરશે તથા મંજુર કરવામાં આવેલ ગ્રાટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા

એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. સોનલબેન નીતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય